# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.

Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in


વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત ખાતે ૧૧ માસ માટે તદન હંગામી/કરાર આધારિત ધોરણે વિવિધ વહીવટી/ટેકનિકલ કામ માટે પ્રોગ્રામર,ચાર્ટડ અકાઉન્ટ,સહાયક પ્લેસમેન્ટ ઓફિસર તથા રોજમદાર કલાર્ક,સુથાર અને માળીની જગ્યાઓ પર જાહેરાત ક્રમાંક: જન/જાહેરાત/૭૯/૨૦૨૪, તા:૦૪/૧૨/૨૦૨૪ થી તા:૨૨/૧૨/૨૦૨૪ ના રોજ સાંજે 06:00 કલાક સુધી હતી. જેમાં માત્ર ચાર્ટડ અકાઉન્ટની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા:૨૮/૧૨/૨૦૨૪,સાંજે 06:00 કલાક સુધી પુનઃલંબાવવામાં આવેલ છે. જેની સંપૂર્ણ વિગત યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in અને rms.vnsgu.net પર ઉપલબ્ધ છે.

## જોઈએ છે ૧૧ માસ માટે કરાર આધારિત

| ક્રમ | પોસ્ટ | પગાર | લાયકાત ધોરણ |
|---|---|---|---|
| ૧ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ | રૂ.૪૫,૦૦૦/-<br>(ફિક્સ્ડ પગાર પ્રતિ માસ)<br>૧૧ માસ માટે તદન હંગામી/કરાર આધારીત ધોરણ | (૧)ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની (CA) ની ડીગ્રી ICAI પાસેથી મેળવેલ હોવી જોઈએ.<br>(૨)ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ(CA)નો ઓછામાં ઓછો ૦૨(બે) વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>(૩)ડાયરેકટ અને ઈનડાયરેકટ ટેક્ષના કાયદાનાં જાણકાર હોવા જોઈએ.<br>(૪)ઉમેદવારની ઉંમર વધુમાં વધુ ૫૦ વર્ષ હોવી જોઈએ. |

ક્રમાંકઃ જન/જાહેરાત/૨૭૨૮૫/૨૦૨૪
તા.૨૦/૧૨/૨૦૨૪

## તદન હંગામી૧૧ માસ કરાર આધારીત ઉપરોકત જગ્યા માટે ઉમેદવારોને અરજી કરવા માટેની સૂચનાઓ

**(૧) સદર જાહેરાત અન્વયે તદન હંગામી૧૧ માસ કરાર માટે નિમણૂંક કરવામાં આવશે જેની આખરી મંજુરી મા.કુલપતિશ્રી દ્વારા આપવામાં આવશે.**

**(૨)ઉમેદવારે રોજગાર કચેરીમાં ફરજીયાત નોંધણી કરાવી Employment Registration Card અરજી સાથે અપલોડ કરવાનું રહેશે.**

(૩)ઉમેદવારે સંબંધીત પોસ્ટ(જગ્યા) સંદર્ભે જરૂરી લાયકાત, અનુભવ, ઉંમર, ડ્રાઈવીગ લાયસન્સ,આધાર કાર્ડ તેમજ અન્ય વધારાની લાયકાતો અંગેના પુરાવાની ખરી નકલ જોડવાની રહેશે.

(૪) અરજી પત્રકમાં વધારાની માહિતી આપવા ઉમેદવારની સહી સાથેનો વધારાનો કાગળ સામેલ કરી શકશે.

(૫)અનામત કેટેગરી(એસ.સી./એસ.ટી./એસ.ઈ.બી.સી./વિકલાંગ) ધરાવતાં ઉમેદવારોએ સક્ષમ સરકારી સત્તા અધિકારીશ્રીનુંસર્ટીફીકેટ સ્કીલ ટેસ્ટ સમયે સાથે લાવવાનું રહેશે.

(૬) ઉમેદવારે ભરેલ અરજીપત્રકમાં પત્રવ્યવહારના સરનામાં, ફોન નંબરમાં ફેરફાર થાય તો તે અંગેની લેખિતમાં જાણ કુલસચિવશ્રી,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭ ને કરવાની રહશે.

(૭) અધૂરી ભરેલ વિગતવાળા અરજી પત્રક ગ્રાહય રાખવામાં આવશે નહી.

(૮) ઉમેદવારે જરૂરી લાયકાત ધોરણ તપાસીને પૂરેપૂરી માહિતી મેળવીને ઓનલાઈન અરજીપત્રક ભરવાનું રહેશે. લાયકાત અંગે કોઈપણ પૂછપરછ ધ્યાને લેવામાં આવશે નહી.

(૯) ઉમેદવારે સ્વખર્ચે પરીક્ષા/ કોમ્પ્યુટર ટેસ્ટ/ સ્કીલ ટેસ્ટમાં હાજર થવાનું રહશે.

(૧૦) સ્કીલ ટેસ્ટની તારીખ અને સ્થળની સૂચના ઉમેદવારને ઈમેઈલ/એસ.એમ.એસ. દ્વારા કરવામાં આવશે.

(૧૧) પ્રત્યક્ષ અથવા પરોક્ષ દાબદબાણ ઉમેદવારને ગેરલાયક ઠેરવવાને પાત્ર છે.

(૧૨)કોઈપણ જગ્યા ભરવા માટે જગ્યા ભરવાનો નિર્ણય, ફેરબદલ કરવા માટે અથવા જગ્યાનહિ ભરવા માટે યુનિવર્સિટીનો અબાધિતઅધિકાર રહેશે.

(૧૩) કોઈપણ ઉમેદવાર અગર ખોટી માહિતી આપશે, અધુરી માહિતી કે માહિતી છુપાવવાની કોશિષ કરશે તો તે ઉમેદવાર જે તે જગ્યામાટે ગેરલાયક ઠરશે. અગર આવા ઉમેદવારની નિમણૂંક થશે તો તેને બરતરફ કરવામાં આવશે.

(૧૪) યુનિવર્સિટીના નિયમોને આધિન જે તે ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૧૫) ઉપરોક્ત બાબતે નિમણૂંક પામેલ કર્મચારીએવિભાગીય વડાશ્રીની સુચના અનુસાર કામગીરી ફરજીયાત કરવાની રહેશે.

(૧૬) દરેક સહાયક (પુરૂષ તેમજ મહિલા) પ્રવેશ,પરીક્ષા,પરિણામ અને યુનિવર્સિટીની તમામ કામગીરી માટે સુરત શહેર/સુડાવિસ્તારમાં કામગીરી અર્થે જવાનું રહેશે.

(૧૭) પસંદગી પામેલ સહાયક યુનિવર્સિટી નિર્ધારિત કરારનામું રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર (નોટરી સહિત) પર કરવાનો રહેશે.

(૧૮) પસંદગી પામેલ સહાયક નકકી કરેલ વેતન સિવાય કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તેમજ પ્રોવિડન્ટ ફંડ અથવા પગારપંચના બીજા લાભો કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહી.

**(૧૯) સ્કીલ ટેસ્ટ સંદર્ભે સમગ્ર માહિતી યુનિવર્સિટી વેબસાઈટ પર મુકવામાં આવશે. એસ.એમ.એસ., ઈમેલ, અને ફોન મરજીયાત છે. યુનિવર્સિટીની વેબસાઈટ તપાસ કરતા રહેવું.**

=X=X=X=X=X=